જનસત્તા

૨ | મંગળવાર, ૭-૨-૨૦૧૨, અમદાવાદ

૨૦૦૨ના કોમી તોફાનોની તપાસ કરી રહેલ

# સિટના સૂચિત ક્લોઝર રિપોર્ટ સામે કરાયેલો વિરોધ

**અમદાવાદ, સોમવાર**

વર્ષ ૨૦૦૨ના કોમી રમખાણોને ૧૦ વર્ષ વીત્યા, હજુ સુધી તેમાં હોમાઈ ગયેલાને ન્યાય મળ્યો નથી. તેવો પત્ર સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ એસ. એચ. કાપડિયાને પ્રબુદ્ધ નાગરિક શક્તિ મંચે પાઠવીને વધુમાં જણાવ્યું છે કે સુપ્રીમ કોર્ટે

**સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને પ્રબુદ્ધ નાગરિક મંચ પત્ર પાઠવ્યો**

નિમેલ 'સિટ' બધુ સંકેલી લેવા માગે છે એવા સંકેતો સામે ગુજરાત વિરોધ લાગણી દર્શાવે છે અને ન્યાયની પ્રક્રિયા બહાલ થાય એવી માગણી છે.

મંચે પત્રમાં જણાવ્યું છે કે, સુપ્રીમ કોર્ટ દ્વારા નિમેલા સવિશેષ તપાસ જૂથ (એસઆઈટી)એ જે રીતે તેમની કાર્યવાહી ચલાવી તે પરથી અમને શંકા જાય છે કે તેને ગુનેગારને શોધવામાં કે તેના પર આરોપ મુકીને તેને ન્યાયાલયમાં દોરી જવામાં કોઈ રસ નથી. તપાસ જૂથે પોતાનું કામ સંકેલી લઈને પાસ કરીને ઝાકિયા જાફરીને લગતા કેસની તપાસ કરવાનું બંધ કરવા નક્કી કર્યું છે. તે જાણીને અમને ઘણી ચિંતા થાય છે કે તેમ થશે તો ગુજરાત માટે ન્યાયનાં દ્વાર આપની દરમિયાનગીરીથી ખૂલ્યાં હતાં તે બંધ થઈ જશે.

તેમણે પત્રમાં એમ પણ જણાવ્યું છે કે એસઆઈટીની આ ચાલનો અમને સ્વીકાર્ય નથી. અમને સમજાયું છે કે રાઘવન એમાં પોતાની ક્ષમતાપૂર્વક સક્રિય રહ્યા નથી એટલે રાજુ રામચંદ્રને જે જે નિર્દેશ્યું હતું તે સઘળું તેમણે અણદેખ્યું કર્યું છે. અમને રંજ છે કે એસઆઈટી અને તેના મુખ્ય અધિકારી રાઘવન પોતાની નૈતિક ફરજ ચૂક્યા છે, જેનાથી ન્યાય પ્રક્રિયાની શ્રદ્ધાને જબરદસ્ત ઠેસ પહોંચાડી છે.